ગાઝિયાબાદ પોલીસ ચોકીમાં વિસ્ફોટમાં 1 વ્યક્તિ ઘાયલ

તમામ પાસાંઓની તપાસ ચાલુ છે: પોલીસ

ગાઝિયાબાદ (યુપી), તા. 7 (પીટીઆઇ) ગાઝિયાબાદની એક પોલીસ ચોકીમાં શુક્રવારે મોડી રાત્રે થયેલા વિસ્ફોટમાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. આ ઘટના બાદ સત્તાવાળાઓએ એન્ટી-ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) અને બોમ્બ ડિસ્પોઝલ ટીમોને ઘટનાસ્થળે મોકલી આપી હતી.

ઈન્દિરાપુરમ પોલીસ સ્ટેશન હેઠળ આવતી વસુંધરા પોલીસ ચોકીની બારીના કાચને નુકસાન પહોંચાડનારા આ વિસ્ફોટની જવાબદારી 'તહરીક ઉલ મુજાહિદ્દીન' નામના સંગઠને લીધી હોવાની સોશિયલ મીડિયા પોસ્ટ સામે આવી છે, જેની સત્યતા પોલીસ ચકાસી રહી છે. આ વિસ્ફોટ પોલીસ ચોકીની કમ્પાઉન્ડ વોલ પાસે થયો હતો. ગાઝિયાબાદના પોલીસ કમિશનર જે રવિન્દર ગૌરે જણાવ્યું હતું કે, તમામ શક્ય પાસાંઓની તપાસ કરવામાં આવી રહી છે. વિસ્ફોટ સમયે પોલીસ ચોકી પર હાજર વિશાલ નામના ફૂડ ડિલિવરી બોયને નાની-મોટી ઈજાઓ થઈ છે. વિસ્ફોટની તીવ્રતા અને તે પાછળનો હેતુ હજી સ્પષ્ટ થયો નથી, પરંતુ પોલીસે સંકેત આપ્યો છે કે, તપાસમાં આતંકવાદી પાસાનો પણ સમાવેશ કરવામાં આવશે. ફોરેન્સિક ટીમોએ ઘટનાસ્થળેથી નમૂના એકત્રિત કરીને તપાસ માટે આગ્રાની લેબમાં મોકલી આપ્યા છે. આરોપીઓની ઓળખ કરવા માટે સીસીટીવી કેમેરા ચકાસવામાં આવી રહ્યા છે. પોલીસ કમિશનર ગૌર અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ તપાસ હાથ ધરી શકે તે માટે સમગ્ર ચોકી વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. વિસ્ફોટના સ્થળની મુલાકાત લીધા બાદ ગૌરે મીડિયા સાથે ટૂંકી વાતચીતમાં જણાવ્યું હતું કે, "ચાલુ તપાસમાં તમામ તથ્યોનો સમાવેશ કરવામાં આવશે અને તે જ તારણોનો આધાર બનશે."

ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં ભારતીય સમુદાયના લોકો સાથે દિવાળી ઉજવી

ભારતના રાજદૂત, ભારતીય મૂળના રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓની હાજરીમાં ઓવલ ઓફિસમાં દીવો પ્રગટાવ્યો

અમેરિકી ટ્રમ્પને હનુમાન ચાલીસા ભેટમાં અપાયું, ભારતીય ઉદ્યોગપતિઓએ લાંબા આયુષ્યની કામના કરી



વોશિંગ્ટન, તા. ૭: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં પોતાના વહીવટીતંત્રના અગ્રણી ભારતીય-અમેરિકન સભ્યો, ઉદ્યોગસાહસિકો અને માઈક્રોન ટેકનોલોજીના સંજય મેહરોત્રા સહિતના ટોચના સીઈઓની હાજરીમાં દિવાળીની ઉજવણી કરી હતી.

શુક્રવારે આ ઉજવણીમાં અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા, સેલિબ્રિટી શેફ વિકાસ ખન્ના, ઉદ્યોગસાહસિક વિશાલ ગોંડલ, આઈબીએમના સીઈઓ અરવિંદ કૃષ્ણા, એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલ અને યુએસ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ ઓફ હેલ્થના ડિરેક્ટર જય ભટ્ટાચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. ઉજવણીની શરૂઆત પ્રમુખ ટ્રમ્પ દ્વારા ઓવલ ઓફિસમાં એક આત્મીય સભા દરમિયાન દીવો પ્રગટાવીને કરવામાં આવી હતી, જેમાં વિદેશ મંત્રી માર્કો રુબિયો અને સોશિયલ સિક્યોરિટી એડમિનિસ્ટ્રેશનના ડેપ્યુટી કમિશનર અર્જુન મોદી સામેલ હતા. ઉપસ્થિત લોકોમાં ધાલ્લા ગ્રુપ ઓફ કંપનીઝના પ્રમુખ અને સીઈઓ રૂબી ધાલ્લા, સ્નેક સિસ્ટમ્સના સ્થાપક અને સીઈઓ રાજીવ શર્મા, કેશવમ ડીસીના પ્રમુખ વિશ્વજિત મલ્લમ્પતિ અને પ્રમુખના મહેમાન હેતલકુમાર પટેલ પણ હતા. ટ્રમ્પે ભારતીય અધિકારીઓ સાથે મળીને દીવો પ્રગટાવ્યો હતો GOQii ટેકનોલોજીસના સ્થાપક અને સીઈઓ વિશાલ ગોંડલે ટ્રમ્પને હનુમાન ચાલીસા ભેટમાં આપ્યું હતું. ભારતીય ઉદ્યોગપતિઓએ ટ્રમ્પને યુગ યુગ જીવોના આશીર્વાદ આપ્યા હતા. ઉજવણીની તસવીરો શેર કરતા ગોંડલે જણાવ્યું કે, દીવા પ્રગટાવવામાં આવ્યા તે સાથે જ તેમની પ્રાર્થના ભારત અને અમેરિકા વચ્ચેની મિત્રતા અને અંધકાર પર પ્રકાશના વિજય માટે હતી.

દિવાળીની ઉજવણી કરવાની આ પરંપરા ૨૦૦૩માં પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશ દ્વારા શરૂ કરવામાં આવી હતી. અગાઉ, આ સમારંભો મોટે ભાગે ભારતીય-અમેરિકન સમુદાયના સભ્યો અને ભારતીય રાજદ્વારીઓની હાજરીમાં આઈઝનહોવર એક્ઝિક્યુટિવ ઓફિસ બિલ્ડિંગમાં યોજાતા હતા. ૨૦૦૯માં, પ્રમુખ બરાક ઓબામા વ્હાઈટ હાઉસના ઈસ્ટ રૂમમાં એક સમારંભ દરમિયાન દીવો પ્રગટાવનારા પ્રથમ પ્રમુખ બન્યા હતા.

અયોધ્યામાં રામના વનવાસના અંતની ઉજવણી: શોભાયાત્રા નીકળી

શોભાયાત્રામાં ૨૧ ટેબ્લો, તેમાંથી ૧૪માં યોગી સરકારની સિદ્ધીઓ દર્શાવાઇ, ૭માં રામાયણના વિવિધ કાંડ દર્શાવાયા



અયોધ્યા(યુપી), તા. ૭(પીટીઆઈ): ઉત્તર પ્રદેશ પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ દ્વારા શનિવારે અયોધ્યામાં એક 'શોભા યાત્રા' કાઢવામાં આવી હતી, જે ભગવાન રામના તેમના વનવાસ પછી શહેર પાછા ફરવાનું પ્રતીક હતી.

રાજ્યના પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી જયવીર સિંહે સાકેત મહાવિદ્યાલયથી આ ઔપચારિક સરઘસને લીલી ઝંડી બતાવીને રવાના કર્યું હતું. આ શોભા યાત્રા લગભગ ત્રણ કિલોમીટરનું અંતર કાપીને રામ કથા પાર્ક ખાતે સમાપ્ત થઈ હતી. રાજ્ય સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ વર્ષે તેમાં ૨૧ ઝાંખીઓ(ટેબ્લો) સામેલ હતી, જેમાં ૧૪ ઝાંખીઓ યોગી આદિત્યનાથ સરકારની સિદ્ધિઓ દર્શાવતી હતી અને સાત ઝાંખીઓ રામાયણના સાત 'કાંડ' રજૂ કરતી હતી. આ ઝાંખીઓમાં જલ જીવન મિશન, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ યોજના, કૃષિ અને પશુપાલન, આયુષ્માન ભારત, મિશન શક્તિ, પ્રધાનમંત્રી આવાસ યોજના, પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના, 'બેટી બચાવો-બેટી પઢાવો' અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર સહિતની વિવિધ સરકારી પહેલોને રેખાંકિત કરવામાં આવી હતી. અન્ય ઝાંખીઓમાં સ્વચ્છ અને હરિયાળું ઉત્તર પ્રદેશ, 'વિકસિત ભારત', ઉત્તર પ્રદેશ પોલીસ અને 'આત્મનિર્ભર નારી' દર્શાવવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપ્રમુખને પદભ્રષ્ટ કરીને નજરકેદમાં રખાયા

એક બેંક કાયી પડતા પેરાગ્વેમાં ભારે અંધાધૂંધી

પ્રમુખ સેન્ટિયાગો પેના જેમાં હિસ્સો ધરાવતા હતા તે યુએનો બેંક પડી ભાંગી, દેશની અડધોઅડધ વસ્તીની થાપણો ફ્રીઝ થઇ ગઇ

સંસદે મહાઅભિયોગ ચલાવીને પ્રમુખને હોદ્દા પરથી દૂર કર્યા, તરત જ તેમના ઘરમાં નજરકેદમાં લઇ લેવાયા

અસન્સિઓન, 7: ઝડપથી વિસ્તરી રહેલી એક ડિજિટલ બેંકના પતનથી પરાગ્વે નાણાકીય અને રાજકીય કટોકટીમાં ધકેલાયું છે, જેના કારણે 6.5 મિલિયનની વસ્તી ધરાવતા આ લેટિન અમેરિકન દેશમાં લગભગ ત્રણ મિલિયન ગ્રાહકો પોતાની બચતનો ઉપયોગ કરી શકવા માટે અસમર્થ બન્યા છે. આ સંકટે કરોડો ડોલરના સરકારી ભંડોળને જોખમમાં મૂકી દીધું છે અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ(IMF) ના ભૂતપૂર્વ અર્થશાસ્ત્રી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સહયોગી પ્રમુખ સેન્ટિયાગો પેનાને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે અને નજરકેદમાં રાખવામાં આવ્યા છે. પરાગ્વેની સેનેટે હોદ્દાના દુરુપયોગના આરોપસર પેના પર મહાભિયોગ ચલાવીને તેમને પદભ્રષ્ટ કર્યા છે અને પેડ્રો એલિયાનાએ તેમના ઉત્તરાધિકારી તરીકે શપથ લીધા છે. હાજર રહેલા તમામ 44 સેનેટરોએ સર્વાનુમતે પદનો દુરુપયોગ કરવા બદલ પેન્યાને હટાવવા માટે મત આપ્યો હતો, જેણે દક્ષિણ અમેરિકાની સૌથી સ્થિર સરકારોમાંથી એકનો નાટ્યાત્મક અંત આણ્યો હતો.પેના પર મહાભિયોગ ચલાવવામાં આવ્યાની મિનિટો બાદ જ તેમની અટકાયત કરવામાં આવી હતી અને તેમને નજરકેદ હેઠળ રાખવામાં આવ્યા છે. આ કટોકટીના કેન્દ્રમાં યુએનો બેંક છે, જે એક ડિજિટલ ધિરાણકર્તા છે અને તેનું નિયંત્રણ 'ગ્રુપો વાઝક્વેઝ' બિઝનેસ સમૂહ પાસે છે. 3 નવેમ્બરે પરાગ્વેની સેન્ટ્રલ બેંકે આ બેંકની નાણાકીય સ્થિતિ તીવ્રપણે બગડેલી જોયા બાદ તેને પોતાના નિયંત્રણ હેઠળ લીધી હતી. આ હસ્તક્ષેપને કારણે વિરોધ પ્રદર્શનો, ગુનાહિત તપાસ અને પેના સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ થઈ હતી, જેઓ અગાઉ ગ્રુપો વાઝક્વેઝમાં હિસ્સેદારી ધરાવતા હતા. એવો આરોપ છે કે પેનાએ સત્તામાં રહેલા તેમના સમય દરમિયાન બેંકને ઝડપથી વિસ્તરણ કરવામાં મદદ કરવા માટે તેમના રાજકીય પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. 5 નવેમ્બરે, પેનાએ પરાગ્વેની સ્થિરતા અને લોકશાહી સંસ્થાઓને જાળવી રાખવા માંગતા હોવાનું કહીને પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી. જોકે, સંસદસભ્યોએ તેમનો ત્યાગ સ્વીકાર્યો ન હતો. શુક્રવારે પેના પર મહાભિયોગ ચલાવવામાં આવ્યો અને તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. પરાગ્વે એ બ્રાઝિલ, આર્જેન્ટિના અને બોલિવિયાથી ઘેરાયેલો દક્ષિણ અમેરિકાનો ચારેય બાજુ જમીનથી ઘેરાયેલો દેશ છે. તેનું અર્થતંત્ર કૃષિ નિકાસ અને જળવિદ્યુત પર ખૂબ નિર્ભર છે. નિયમનકારોએ 'ઉએનો બેંક' (Ueno Bank) ને પોતાના હસ્તક લીધી તેના બરાબર ત્રણ દિવસ પછી આ ચૂકાદો આવ્યો હતો.

હિમંત બિસ્વા સરમાની વિજયી શૈલી

કોઈ રાજ્યના મુખ્યમંત્રી સંગીત અને કળાપ્રેમી હોય તે ખરાબ વિચાર નથી. પરંતુ રાજ્યના વડા અચાનક ડાન્સ કરવા લાગે અને તેના કારણે તેમને 'ડાન્સિંગ ચીફ મિનિસ્ટર'નું બિરુદ મળે તો કેવું રહે? ના, આ પણ કોઈ ખરાબ વિચાર નથી. પરંતુ આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા જેટલા નૃત્ય કરવામાં કુશળ છે, તેટલા જ તે પોતાના રાજકીય વિરોધીઓ સામે આકરા પગલાં લેવામાં પણ માહિર છે. તાજેતરમાં યોજાયેલી રાજ્ય વિધાનસભા ચૂંટણી અને ગત લોકસભા ચૂંટણી દરમિયાન તેમણે નૃત્ય કર્યું હતું અને પોતાના રાજકીય વિરોધીઓ–વિશેષ કરીને કોંગ્રેસ અને મુસ્લિમ સમુદાય–ને નીચા બતાવવા માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે તે આ નૃત્યનું પુનરાવર્તન કરતા રહ્યા છે. હવે, ભાજપ માટે પેટા-ચૂંટણીમાં મળેલી જીતે પણ સરમાને તેમની મનપસંદ પ્રવૃત્તિ–જીતની ખુશીમાં થિરકવા માટેની સુવર્ણ તક પૂરી પાડી છે. આનું કારણ એ છે કે મુસ્લિમ બહુલ નગાંવ લોકસભા બેઠક પર મળેલી જીતે તેમને કોંગ્રેસ અને તેમના ભૂતપૂર્વ પક્ષના નેતા રાહુલ ગાંધી પર નવા પ્રહારો કરવાની તક આપી. અને મુખ્ય ચૂંટણી કમિશનર તથા ભાજપના ઉચ્ચ નેતૃત્વ સામે કોંગ્રેસ અને જેન ઝી દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને જોતાં ડાન્સ કરવાનું વધુ એક કારણ મળી ગયું.

ઇન્ડિયા ગઠબંધનમાં શાકાહારી ભોજનનો વિવાદ

જ્યારે ખોરાક લોકોને જોડવાનું સાધન બનવાને બદલે અસંતોષનું કારણ બને! સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે સાથે બેસીને ભોજન કરવાથી મિત્રતા અને સારી સમજણ વધે છે અને ક્યારેક મતભેદો પણ ઉકેલાય છે. પરંતુ ખોરાકની વિવિધતા અથવા પસંદગી ક્યારેક ઊલટી અસર પાડી શકે છે. તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ સમિટ દરમિયાન જોવામાં આવ્યું હતું કે, શાકાહારી મેનૂ જોઈને મુલાકાતે આવેલા વિદેશી પ્રતિનિધિઓએ અસંતોષ વ્યક્ત કર્યો હતો. અને હવે, આવી જ ઘટનાનું પુનરાવર્તન થતાં કોંગ્રેસ–જે ઇન્ડિયા બ્લોકમાં મોટા ભાઈની ભૂમિકામાં છે–તરફ આંગળી ચીંધવામાં આવી રહી છે, કારણ કે તેમણે તાજેતરમાં ગઠબંધન માટે યોજેલા બે લંચમાં શાકાહારી ભોજન પીરસ્યું હતું. ચર્ચા છે કે, પીરસવામાં આવેલું શાકાહારી ભોજન જોઈને અનેક સાંસદો નારાજ થયા હતા.

નોઇડા એરપોર્ટનું નામકરણ અને યુપી રાજકારણ

પ્રખ્યાત કહેવત છે તેમ; નામમાં શું રાખ્યું છે! આ કહેવતના સાચા અર્થમાં જોઈએ તો કોઈ વસ્તુનું નામ એ, બી કે સી રાખવામાં આવે તેનાથી કોઈ ફરક પડતો નથી. જોકે, ક્યારેક નામ સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે–પોતાનું નહીં પરંતુ જે વ્યક્તિ પર પોતાના પ્રમોશનનો આધાર છે તે બીજી વ્યક્તિનું નામ. અને જ્યારે સત્તાના દાવ વડા પ્રધાન કે મુખ્યમંત્રીના પદ જેવા ઉચ્ચ સ્તરે હોય, ત્યારે આ 'નામની રમત'નું મહત્ત્વ વધી જાય છે. તમારું અનુમાન સાચું છે, આ રમત હાલમાં 2027ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં રમાઈ રહી છે અને તેના મુખ્ય પાત્રો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ છે, આદિત્યનાથ ચૂંટણીમાં જતા પહેલાં મોદી દ્વારા ઓછામાં ઓછું ત્રીજી વખત સીએમ ઉમેદવાર તરીકે નામાંકિત થવા માટે સખત પ્રયાસો કરી રહ્યા છે. બંને વચ્ચે ખેંચતાણ ચાલુ છે અને આ નામની રમતે એક રસપ્રદ વળાંક લીધો છે; કદાચ યોગીજી માને છે કે આ રમત મોદીની કૃપા મેળવવામાં મદદરૂપ સાબિત થશે. અને આ રાજકીય મેદાનનું ફૂટબોલ બન્યું છે નવસર્જિત નોઇડા ઇન્ટરનેશનલ એરપોર્ટ. યુપી કેબિનેટે પોતાના તાજેતરના નિર્ણયમાં આ એરપોર્ટનું નામ 'નરેન્દ્ર મોદી ઇન્ટરનેશનલ એરપોર્ટ' રાખવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે.

સા રે ગ મ — અનિલ આનંદ



આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે પુત્રી રાહાનો ચોથો જન્મદિવસ ઉજવ્યો



મુંબઈ, તા. 7 આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે મુંબઈમાં પરિવાર અને મિત્રો સાથે તેમની પુત્રી રાહા કપૂરનો ચોથો જન્મદિવસ ઉજવ્યો. ગ્લોબલ સ્તરે 'રામાયણ' રિલીઝ થઈ તેના એક દિવસ બાદ કલાકાર રણબીર કપૂર અને આલિયા ભટ્ટે તેમની પુત્રી રાહા કપૂરના ચોથા જન્મદિવસની ઉજવણી કરી હતી. આલિયાએ ઇન્સ્ટાગ્રામ પર ઉજવણીની ઝલક શેર કરી હતી, જેમાં રણબીરના હાથમાં રાહા હતી અને બન્ને રાહા સાથે કેક કાપતા જોવા મળ્યા હતા. નાના બાળકી માટે પેસ્ટલ શેડ્સમાં અનેક કેક સજાવવામાં આવી હતી. રાહા તેના ચોથા જન્મદિવસે ફ્લોરલ ફ્રોકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી, જ્યારે આલિયાએ ફ્લોરલ થીમને ધ્યાનમાં રાખીને સમર ડ્રેસ પહેર્યો હતો. બીજી તરફ, રણબીર કપૂરે કેઝ્યુઅલ લુક પસંદ કર્યો હતો, જેમાં તેણે વ્હાઇટ ફૂલ-સ્લીવ ટી-શર્ટ અને ડેનિમ્સ પહેર્યા હતા.

અમિતાભની તબિયતને લઈ કેબીસીનું શુટિંગ અટક્યું



મુંબઈ, તા. 7: 'કૌન બનેગા કરોડપતિ 18'ના નવા એપિસોડનું પ્રસારણ અસ્થાયી રૂપે અટકાવી દેવામાં આવ્યું છે. જોકે, નિર્માતાઓએ આ વિરામ પાછળનું કારણ જાહેર કર્યું નથી, પરંતુ કેટલાક અહેવાલો સૂચવે છે કે તે અમિતાભ બચ્ચનના સ્વાસ્થ્યને કારણે હોઈ શકે છે. જોકે, શો સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે, આ બ્રેકને 84 વર્ષીય અભિનેતાના સ્વાસ્થ્ય સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ તેમની તારીખો ઉપલબ્ધ ન હોવાને કારણે છે. ચેનલના એક્સ હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યું છે કે, કેબીસી 18ના નવા એપિસોડ 16 નવેમ્બરથી ફરી શરૂ થશે.

'કિંગ' ફિલ્મમાં દીપિકાના ભગવા ડ્રેસ પર વિવાદ



મુંબઈ, તા. 7: શાહરૂખ ખાનના બર્થ-ડેના ખાસ પ્રસંગે 2 નવેમ્બરે તેમની આગામી ફિલ્મ 'કિંગ'નું ગીત 'તૂ મિલ જાય' રિલીઝ થયું હતું. આ ગીતના એક ભાગમાં દીપિકા પાદુકોણ કેસરી ડ્રેસ પહેરીને ડાન્સ કરતી જોવા મળી હતી, જેના પર ભાજપના ધારાસભ્ય રવિન્દર સિંહ નેગી બાદ હવે અયોધ્યાના મહંતે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે ભગવા રંગમાં અશ્લીલ ડાન્સ સહન કરવામાં આવશે નહીં. અયોધ્યાના મહંત સીતારામ દાસ મહારાજે કહ્યું હતું કે, "શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ'ના ગીતમાં અભિનેત્રી દીપિકા પાદુકોણ ભગવા કપડાં પહેરીને ડિસ્કો ડાન્સ કરશે, આ બિલકુલ સહન કરી શકાય તેમ નથી. શું ભગવાને બદનામ કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે? હું ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યને સમર્થન આપું છું જેમણે આ અંગે અવાજ ઉઠાવ્યો છે. સનાતની આનો સખત વિરોધ કરે છે."

બોલિવૂડ હસ્તીઓને ધમકી આપનાર લોરેન્સ ગેંગ સાથે સંકળાયેલો ગૅંગસ્ટર હેરી બોક્સર અમેરિકામાં પકડાયો

વોશિંગ્ટન ડીસી, તા. 7: લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા ગેંગસ્ટર હેરી બોક્સરને અમેરિકામાં કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. અમેરિકી એજન્સી આઈસીઈ દ્વારા તેને કેલિફોર્નિયામાંથી ધરપકડ કરવામાં આવી છે. હેરી અમેરિકામાં રહીને ગેંગની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો હતો. તેના પર હત્યા અને ખંડણી સહિતના અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. હેરીએ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના ઘરની બહાર થયેલા ફાયરિંગની જવાબદારી સ્વીકારી હતી. આ સિવાય હેરી પર સલમાન ખાન અને કપિલ શર્મા સહિતની અન્ય બોલિવૂડ હસ્તીઓને ધમકી આપવાનો પણ આરોપ છે. આ પહેલા ગેંગસ્ટર હિમાંશુ ભાઉ અને નીરજ ફરીદપુરિયાને પણ અમેરિકામાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આ બંને પણ ભારતમાં અનેક ગુનાહિત કેસોમાં વોન્ટેડ છે. હેરી બોક્સર પર બોલિવૂડ અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલા અનેક લોકોને ધમકી આપવાના આરોપો છે. જેમાં અભિનેતા રણવીર સિંહ પણ સામેલ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હેરીએ રણવીરના મેનેજરને વોઇસ નોટ મોકલીને રૂ. ૧૦ કરોડની ખંડણી માંગી હતી અને રકમ ન આપવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

